# સદ્દગતિ દાતા પરમ સદ્દગુરુ શિવાય નમઃ

જ્ઞાનામૃત
બ્રહ્માકુમાર અનિલ

ગુરુ પ્રથા આપણી ભારતીય સંસ્કૃતિના મહાભારત તથા રામાયણ કાળથી ચાલતી આવે છે. દા.ત. ગુરુદ્રોણ, ગુરુ વશિષ્ઠ, ગુરુ સાંદીપની વિગેરે. ત્યારે ગુરુ પોતાના શિષ્યોને ગુરુકુળમાં પોતાને ત્યાં ઉચ્ચ પ્રકારનું શિક્ષણ આપી તેમને પુરી ભારતભૂમિ ઉપર શાસન કરવાનું જ્ઞાન આપતાં.

ગુરુ શબ્દ સંસ્કૃતના ગૂ એટલે કે અજ્ઞાન અને રૂ એટલે કે દૂર કરનાર અજ્ઞાન અંધકારમાંથી બહાર કાઢી જ્ઞાનરૂપી પ્રકાશ તરફ લઈ જનાર એટલે કે દૂર કરનાર. પુરાણ કાળથી ગુરુનું સ્થાન રાજા કરતાં પણ ઉંચુ ગણાતું. જેમકે મહાભારતમાં વર્ણન કર્યા મુજબ પાંડવો અને કૌરવો પોતાના ગુરુ દ્રોણનું તથા રામાયણમાં ગુરુ વશિષ્ઠનું સ્થાન રાજા કરતાં ઉંચુ ગણાતું.

ગુરુ શબ્દની વિશાળ વ્યાખ્યા પ્રમાણે, બાળક જ્યારે નાનું હોય ત્યારે તેનો સંબંધ ગુરુ તરીકે છે, એના માતા-પિતા પણ એક ગુરુની ભૂમિકા ભજવતા હોય છે. બાળકના માતા-પિતા બાળકને નાનપણથી મોટું કરતાં એની નાનામાં નાની સૂક્ષ્મ સંભાળ લેતા હોય છે. રોજરોજ સ્નેહથી બાળકને પ્રેમનું સિંચન કરતા હોય છે. સાચું શિક્ષણ આપી એમનામાં સંસ્કારોનું સિંચન કરતા હોય છે. પોતાનું બાળક દરેક પરિસ્થિતિનો સામનો કરી શકે એ રીતે તૈયાર કરતા હોય છે. સદ્દગુણોનું સિંચન કરી બાળક મહાન બને એવા પ્રયત્નો કરે છે અને ઉંમર વધતાં બાળકને ઉચ્ચ શિક્ષણ માટે મહાશાળામાં મોકલાવે છે.

માનવીને જ્યારે સત્ય અને અસત્યનો ધર્મ અને અધર્મનો તથા હિત અને અહિતનો વિવેક સમજાતો નથી ત્યારે અજ્ઞાન અંધકારમાં ડૂબેલા માનવીને પરમ સદ્દગુરુ પરમાત્મા શિવ જ્ઞાનનો દિવ્ય પ્રકાશ આપીને અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જાય છે. આપણે ગાઈએ છીએ બ્રહ્મા દેવતાય નમઃ, વિષ્ણુ દેવતાય નમઃ, શંકર દેવતાય નમઃ પણ



પરમ સદ્દગુરુ શિવ માટે આપણે ગાઈએ છીએ શિવ પરમાત્માય નમઃ વિશ્વનિયંતા સર્વ ધર્મ અને સર્વ આત્માઓના પિતા જેઓ નિરાકાર જ્યોતિર્બિંદુ સ્વરૂપ છે. જે આપણા સૌના પરમપિતા છે, પરમ શિક્ષક છે, પરમ સદ્દગુરુ પણ છે. જેઓ મુક્તિ અને જીવન મુક્તિ દાતા છે, તો ગતિ સદ્ગતિ દાતા પણ છે. ભગવાને ગીતામાં કહ્યું છે કે, હું જ્યારે "યદા યદા હી ધર્મસ્ય" ના વચન પ્રમાણે સૃષ્ટિ પર આવું છું ત્યારે સાધુ સન્યાસી, ગુરુ ગોસાઈઓનો પણ ઉદ્ધાર કરું છું. એટલે આધ્યાત્મિક દ્રષ્ટિકોણથી ઈશ્વરીય જ્ઞાનને સમજીએ તો સર્વ દેહધારી ગુરુઓના પણ ગુરુ જે આપણા સર્વના પરમ સદ્દગુરુ શિવ પરમાત્મા છે. જેને પ્રભુ, ઈશ્વર, ભગવાન, અલ્લાહ, ગોડ ફાધર વિગેરે નામોથી ઓળખીએ છીએ.

પરમ સદ્દગુરુથી ઉપર કોઈ પણ શ્રેષ્ઠ ગુરુ નથી. જે સ્વયં પ્રકાશિત છે. સંસાર સાગરમાં રહીને સંપૂર્ણ જ્ઞાન-યોગ પ્રાપ્ત કરવા માટે એકજ મહામંત્ર "મન્મનાભવ" નો અજપાજાપ અર્થાત મનબુદ્ધિનો આપણો તાર પરમાત્મા સાથે નિરંતર જોડાયેલો રહે, ત્યારેજ આપણા પાપ કર્મો ભસ્મ થાય છે અને આત્મામાં પરમાત્મ શક્તિ અને દૈવીગુણો ધારણ થતાં અનુભવાય છે. પૂર્ણિમાના દિવસે જેમ ચંદ્રમાં સોળે કળાએ ખીલે છે એવા મંગળ ગુરુપૂર્ણિમાના દિવસે પરમાત્માનો જ્ઞાનરૂપી પ્રકાશ આપણા આત્મદીપને સોળે કળાએ પ્રજ્વલીત કરે છે. એવા શુભ દિવસે પરમ સદ્દગુરુને સહસ્ત્ર કોટી વંદન.

પરમ સદ્દગુરુ પરમાત્મા શિવે જીવાત્માઓને આત્મ ચિંતન માટે જે જ્ઞાનરત્નો ચિંતન માટે આપ્યા છે એને જો આપણે જીવનમાં ધારણ કરીએ તો આપણું જીવન મનુષ્યમાંથી દેવતૂલ્ય બનતું અનુભવાય. એમાંના થોડાક જ્ઞાનરત્નો નીચે પ્રમાણે છે.

આપણે ગાઈએ છીએ કે... "અસત્યોમા સદ્દમય,
તમસોમા જ્યોતિર્ગમય,
મૃત્યોમા અમૃતંગમય....."
જ્ઞાન અંજન સદ્દગુરુ દિયા,
અજ્ઞાન અંધેર વિનાશ.....

આ પરમ સદ્દગુરુનું સ્થાન આપણાં સૌ આત્માઓના પિતા પરમપિતા શિવ પરમાત્મા છે. પ્રજાપિતા બ્રહ્માના સાકાર તનનો આધાર લઈને તેના

> ગુરુ શબ્દ સંસ્કૃતના ગૂ એટલે કે અજ્ઞાન અને રૂ એટલે કે દૂર કરનાર અજ્ઞાન અંધકારમાંથી બહાર કાઢી જ્ઞાનરૂપી પ્રકાશ તરફ લઈ જનાર એટલે કે દૂર કરનાર

દ્વારા ઈશ્વરીય જ્ઞાનરૂપી અમૃતપાન તેમજ સહજ રાજયોગના અભ્યાસ દ્વારા માનવીને કુંભકર્ણની અજ્ઞાન નિંદ્રામાંથી આત્મ જાગૃતિ કરાવી પ્રકાશમય જીવન બનાવે છે. આત્મ ભાવ સાથે, પરમાત્મા સંગાથે, સદ્દગુરુનો સંબંધ બાંધીને આત્મ મનોમંથન કરીએ અને સદ્દગુરુ શિવને અંતરથી ગુરુ વંદના કરતા કહીએ કે "હે પરમ સદ્દગુરુ મને મહેનતમાંથી છોડાવીને આપ સ્વયં સદ્દગુરુ બનીને આ ધરતી પર આવ્યા. આપે મને અનેક દેહધારી ગુરુઓની સાંકળોથી છોડાવ્યો. નજરથી નિહાલ કરી દીધો. આપે વાણી દ્વારા વરદાન આપતી વખતે નયનોમાંથી અસીમ શક્તિઓ પ્રદાન કરો છો. આથી તે વરદાન સ્વાભાવિક રીતે જ જીવનનું અંગ બની જાય છે. વાહ !... ''અમે'' સદ્દગુરુના વરદાનોમાં પાલના દાદી રહ્યા છે. એમનો વરદાની હાથ અમારા મસ્તક પર છે. હે સર્વસમર્થ સદ્દગુરુ, આપે મારા ઉપર અસીમ કૃપા કરી આપનો શ્રેષ્ઠ પ્રેમ મને શક્તિશાળી બનાવી રહ્યો છે. આપ સદ્દગુરુની આજ્ઞાઓ મને શિરોમાન્ય છે.. અમારે ક્યાંય પણ જવાની કે જોવાની જરૂર રહી નથી. ખરેખર ! વરદાનોની વર્ષા કરતા કરતા આપે અમોને વરદાની મૂર્ત બનાવી દીધાં. અમો આપના ખૂબખૂબ આભારી છીએ. આજના શુભદિવસે ઉપર પ્રમાણે પરમ સદ્દગુરુ શિવ સાથે આત્મચિંતન કરીએ અને સાચા અર્થમાં સુખ, શાંતિ, આનંદ, પ્રેમ, પવિત્રતાનો અનુભવ કરીએ ત્યારેજ યથાર્થરૂપે ગુરુપૂર્ણિમા ઉજવી છે એવો આત્મિક એહસાસ થાય.

ઓમ શાંતિ.....

# આપણું ભવિષ્ય

જીવનની વચ્ચોવચ્ચ શ્રીમદ્ ભગવદ્ ગીતા
સાધુ જ્ઞાનાનંદદાસ

કોઈ પણ બહુમાળી ઈમારતનું ભવિષ્ય તેના પાતાળમાં પુરાયેલા પાયા પરથી અંકાય છે, વિશાળ વટવૃક્ષની આવતી કાલ જમીનમાં દટાયેલાં અદૃશ્ય મૂળ પરથી અંકાય છે. તેમ, માતા-પિતાનું વૃદ્ધત્વ ઉજળું છે કે ધૂંધળું તે પોતાના પુત્રના પારણામાંથી ડોકાય છે.

ગુજરાતી ભાષામાં એક કહેવત ખૂબ પ્રચલિત છે કે 'પુત્રનાં લક્ષણ પારણેથી'. માતા-પિતાના ભવિષ્યના દીપ ઉજાળે તે દીકરો અને જે માતા-પિતાને તરછોડે તે છોકરો.

મનીષીઓ તારણ કાઢે છે કે સાંપ્રત વિશ્વમાં દીકરાઓ કરતાં છોકરાઓની જમાત દિનબદિન વધતી જાય છે. ૧ જૂન, ૨૦૦૧, નેપાળ.

નેપાળનો રાજકુમાર દીપેન્દ્ર, દેવયાની રાણા નામની યુવતી સાથે પ્રેમલગ્ન કરવા માંગતો હતો પરંતુ પોતાની માતા અને નેપાળની રાજમાતા ઐશ્વર્યાને દેવયાનીના વંશ સાથે વર્ષો જૂની દુશ્મનાવટ હોવાથી તેણે આ દરખાસ્ત નામંજૂર રાખી. લગ્ન માટે અન્ય કન્યાઓ બતાવી પરંતુ દીપેન્દ્રનું મન માનતું ન હતું. આજે, નારાયણ પેલેસ ડાઈનિંગ હોલમાં ડિનર મીટિંગ દરમ્યાન આ વિષયક વાત નીકળી. દીપેન્દ્રને માતા-પિતા સાથે ઝઘડો થયો. રોષે ભરાયેલ દીપેન્દ્ર ડિનર અડધું મૂકી ઊભો થઈ ગયો. સિક્યોરિટી ગાર્ડના હાથમાંથી સબમશીનગનથી પોતાના પિતા બિરેન્દ્ર, રાજ માતા ઐશ્વર્યા અને ભાઈઓ સહિત આઠ રાજવી પરિવારના સભ્યોની હત્યા કરી અંતે કુળદીપક દીપેન્દ્ર પોતે પોતાના લમણે ગોળી મારી વિશ્વમાંથી ઓઝલ થઈ ગયો.

એ રાજવી પરિવારનું ભવિષ્ય હંમેશ માટે રાજકુમાર દીપેન્દ્રના હસ્તે જ હોલવાઈ ગયું. આવા કેટલાય કુળદીપકો દર વર્ષે બે લાખથી વધારે વૃદ્ધ માતા-પિતાને અજાણ્યા રસ્તા પર છોડી ચાલ્યા જાય છે. ભારતમાં ૩૮૪ કરતાં વધારે વૃદ્ધાશ્રમોમાં



૩૬,૩૦૦ થી વધુ વૃદ્ધ માતા-પિતા પોતાનું શેષ જીવન આવા કુળદીપકોએ આપેલી નિરાશાના ઘોર અંધકારમાં વિતાવી રહ્યા છે.

પોતાનાં માતા-પિતાનું એક યા બીજી રીતે ખૂન કરનાર અથવા કરાવનાર સંતાનોની વધતી સંખ્યા ચિંતાનું કારણ છે. ગયા અઠવાડિયે જ ગાઝિયાબાદમાં નિખિલ ચૌધરી નામના પુત્રે પૈતૃક સંપત્તિ માટે પિતાની છ ગોળી મારીને નિર્મમ હત્યા કરી દીધી. આ વિશ્વમાં પોતાનાં જ સંતાનો સંપત્તિનો હક મેળવવા માતા-પિતાની સામે કોર્ટ કેસમાં પડ્યાં હોય એવા યુવાનોની સંખ્યા તો લાખોમાં છે.

પ્રેમલગ્ન કરવા માટે પોતાનાં માતા-પિતાને છોડી ભાગી જનાર સંતાનોના કિસ્સા રોજબરોજ કેટલાય બને છે. લગ્ન બાદ પોતાના માતા-પિતાથી જુદાં રહેનાર સંતાનો આપણામાંથી જ કોક હશે ને?

જ્યારે આવા ચોંકાવનારા કે સનસનીખેજ કિસ્સાઓ કે આંકડાઓ વર્તમાનપત્રો, મેગેઝિનો કે સોશિયલ મિડિયા પર વાંચીએ છીએ ત્યારે આપણે પણ આમાંના એક નહીં હોઈએ? એ પ્રશ્ન સાહજિક થઈ આવે છે. જેઓની સંભાળ પાછળ માતા-પિતાએ ખૂબ ભોગ આપ્યો હોય છે તેઓના જ ભોગ પોતાનાં સંતાનો શા માટે લેતા હશે?

આ પ્રશ્ન આજના યુગમાં અત્યંત પ્રાસંગિક છે.

ભારતભરમાં આદર્શ બાળસંસ્કાર પ્રવૃત્તિ કરવા બદલ ભારત સરકારે જેમને રાષ્ટ્રપતિ એવોર્ડથી સન્માન્યા હતા તેવા પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજ આનો જવાબ આપતાં કહે છે કે, ''જો તમે તમારાં સંતાનોને નહીં સાચવો તો તમારે સંપત્તિ અને સંતતિ બંને ગુમાવવાનો વારો આવશે.'' અમુક વાલીઓ પ્રત્યે ઉચ્ચારાયેલું આ ભવિષ્યકથન સમગ્ર વિશ્વના વાલીઓએ ગાંઠે બાંધી લેવા જેવું છે કારણ કે મોડર્ન બનવાની મહેચ્છાએ અને આધુનિક બનવાની ઘેલછાએ આજે વાલીઓ પોતાની જવાબદારીથી વધારે અજ્ઞાત બનતા જાય છે. અમેરિકન અર્થશાસ્ત્રી લોરેન્સ ઓલ્સન જણાવે છે કે, દરેક વાલી પોતાનો પુત્ર પગભર થાય ત્યાં સુધી તેની માવજત પાછળ

> સંસ્કાર વગરનું સંતાન એ પ્લાનીંગ વગરનો વ્યવસાય કે પાયા વગરની બહુમાળી ઇમારત કે મૂળ વગરના વટવૃક્ષ સમાન છે. તે ક્યારે ધરાશાયી થઈ પડે તેની કોઈ જ ખબર પડતી નથી

લગભગ ૨,૨૬,૦૦૦ ડોલર ખર્ચે છે.

હવે આપણે વિચાર કરીએ કે જો આટલું રોકાણ આપણે આપણો નવો વ્યવસાય કરવામાં કરવાનાં હોઈએ તો કેટલું પ્લાનિંગ કરીએ?

માત્ર બાળકોની જરૂરિયાતો પૂરી કરવી એટલી જ આપણી ફરજ નથી. તેઓના અને આપણા ભવિષ્ય માટે એમને સંસ્કાર આપવા એ પણ આપણી જવાબદારી છે.

સંસ્કાર વગરનું સંતાન એ પ્લાનીંગ વગરનો વ્યવસાય કે પાયા વગરની બહુમાળી ઈમારત કે મૂળ વગરના વટવૃક્ષ સમાન છે. તે ક્યારે ધરાશાયી થઈ પડે તેની કોઈ જ ખબર પડતી નથી.

સંતાન અને વાલીઓના સંબંધ કેવળ વન વે નથી. બંને તરફથી જ્યારે આમાં સહકાર મળે ત્યારે જ તે સંબંધો મજબૂત બને છે. ભગવાન સ્વામીનારાયણ સંતાનોની ફરજ બતાવતાં કહે છે, સંતાને માબાપની ચાકરી ન કરી હોય, તો તેમનું દિલ દુખાય છે, તેણે કરીને એની બુદ્ધિ શાપિત છે.

તેમ જ માતા-પિતાનું પણ કર્તવ્ય છે કે બાળકને એવા સંસ્કાર આપવા જોઈએ કે જેથી બાળકનું, માબાપનું અને રાષ્ટ્રનું ભવિષ્ય ઉજ્જવળ બને.